॥ श्री वीतरागाय नमः ॥

श्री जैनाचार्य–जैनधर्मदिवाकर–पूज्यश्री घासीलालव्रतिविरचितया
अनुयोगचन्द्रिकाख्यया व्याख्यया समलङ्कृतम्–

श्री_अनुयोगद्वारसूत्रम्

(प्रथमो भागः)

(मालिनी वृत्तम्)

शिवसरणिविधानं जीवरक्षैकतानं,
सुरनरकृतगानं केवलज्ञानभानम् ।
प्रशमरसनिदानं ज्ञानदानप्रधानं,
परमसुखनिधानं वर्धमानं नमामि ॥ १ ॥

(२)

करणचरणधारं सर्वपूर्वाब्धिपारं,
शुभतरगुणधारं प्राप्तसंसारपारम् ।
कलितसकललब्धि लब्धविज्ञानसिद्धिं,
गणधरमभिरामं गौतमं तं नमामि ॥ २ ॥

॥ श्री ॥

अनुयोगद्वार सूत्र का हिन्दी भाषान्तर प्रारम्भ

मैं उन अंतिम तीर्थंकर श्री महावीर जिनेन्द्र को नमस्कार करता हूँ कि जिन्होंने ४ घातिक कर्मों का अत्यंत विनाश करके केवलज्ञानरूपी अनन्त प्रकाश प्राप्त कर लिया है। और इसी कारण जो मोक्षमार्ग के विधायक तथा अनन्त अव्याबाध सुख के निधान (निधि) बने हैं। भव्य जीवों को जो प्रधानरूप से ज्ञान का दान देते हैं और जीवों की रक्षा करने में सदा तत्पर रहते हैं। देव और मनुष्य जिनके गुणों का गान करते हैं तथा जो प्रशम (शांत) रस के निदान–आदिकारण हैं ॥१॥

અનુયોગદ્વાર સૂત્રનું ભાષાન્તર પ્રારંભ—

જેમણે ચાર ઘાતિયા કર્મોનો સંપૂર્ણતઃ ક્ષય કરીને કેવળજ્ઞાનરૂપી અનંત પ્રકાશને પ્રાપ્ત કરી લીધો છે, અને તે કારણે જેઓ મોક્ષમાર્ગના વિધાયક તથા અનંત અવ્યબાધ સુખના નિધાન (નિધિ) બનેલા છે, જેઓ ભવ્ય જીવોને મુખ્યત્વે જ્ઞાનનું દાન દે છે અને જીવોની રક્ષા કરવામા જે સદા તત્પર રહે છે, દેવો અને મનુષ્યો જેમના ગુણો ગાય છે, અને જેઓ શાન્તરસના નિદાન આદિકારણ છે એવાં અંતિમ તીર્થંકર શ્રી મહાવીર જિનેન્દ્રને હું નમસ્કાર કરું છું. ॥ ૧ ॥

(पृथ्वीच्छन्दः)

सगुप्तिसमितिं समां विरतिमादधानं सदा,
क्षमावदखिलक्षमं कलितमञ्जुचारित्रकम् ।
सदोरमुखवस्त्रिका विलसिताननेन्दुं गुरुं,
दुरन्त भववारिविप्लवमपूर्वबोधं स्तुवे ॥३॥

(गीतिः)

भव्यानामुपकृतये, प्रवचनसिद्धान्तबोधिनीं सरलाम् ।
घासीलालः कुरुते, व्याख्यामनुयोगचन्द्रिकां शिवदाम् ॥ ४ ॥

जो करणसत्तरि और चरणसत्तरि के धारण करने वाले हैं। समस्त १४ पूर्वरूप समुद्र के जो पारगामी हैं। अत्यन्त श्रेष्ठ सम्यग्दर्शनादि गुणों के जो धारक हैं। संसार का पार जिन्होंने पा लिया है। समस्त लब्धियों के जो भंडार हैं विज्ञान (विशिष्ट ज्ञान) को सिद्धि जिन्हें प्राप्त हो चुकी है—ऐसे उन मुनिश्रेष्ठ गौतम गणधर को मैं नमस्कार करता हूँ । ॥२॥

जो तीन गुप्तियों सहित पांच समितियों को और समस्त विरति को सदा धारण करते हैं। पृथ्वी की तरह जो सर्वसह हैं। निर्मल चारित्र के जो आराधक हैं। वायुकायादिक जीवों की रक्षा के लिये सदोरकमुखवस्त्रिका से जिन का मुखचन्द्र सर्वदा सुशोभित होता रहता है। जो इस दुरन्त संसाररूप समुद्र में प्रवहण—(नौका) के जैसे हैं। ऐसे अपूर्व बोध विशिष्ट गुरुदेव को मैं नमस्कार करता हूं । ॥३॥

જેઓ કરણસત્તરિ (સત્તર કરણ) અને ચરણસત્તરિ (સત્તર ચરણ)ના ધારક છે, સમસ્ત ૧૪ પૂર્વરૂપ સમુદ્રનો પાર જેમણે પામી લીધો છે, અત્યંત શ્રેષ્ઠ સમ્યગ્દર્શન-આદિ ગુણોથી જેઓ વિભૂષિત છે, જેમણે પોતાના સંસારનો અન્ત કરી નાખ્યો છે, જેઓ સમસ્ત લબ્ધિયોના ભંડાર છે, અને વિજ્ઞાન (વિશિષ્ટ જ્ઞાન)ની સિદ્ધિ જેમને થઇ ચુકી છે એવાં મુનિશ્રેષ્ઠ ગૌતમ ગણધરને હું નમસ્કાર કરું છું ॥ ૨ ॥

ત્રણ ગુપ્તિઓ અને પાંચ સમિતિઓ તથા સમસ્ત વિરતિને સદા ધારણ કરનારા, પૃથ્વીના જેવા સહિષ્ણુ, નિર્મલ ચારિત્રના આરાધક, સદોરકમુખવસ્ત્રિકા (મુહપત્તી) વડે જેમનું મુખચન્દ્ર સદા સુશોભિત રહે છે, જેઓ આ દુરન્ત સંસારમાં ભ્રમણ કરતાં જીવો માટે નૌકા સમાન છે, એવાં અપૂર્વ બોધવિશિષ્ટ ગુરૂદેવને હું નમસ્કાર કરું છું. ॥ ૩ ॥

इह मनुष्यजन्म दुर्लभं, यथा—केनाऽपि क्रीडापरेण देवेन यदि माणिक्यमयं स्तम्भं वज्रेण चूर्णीकृत्य परमाणुतुल्यं तच्चूर्णं नलिकान्तर्निधाय मेरुशिखरं समारुह्य फूत्कृतसमीरणैस्तच्चूर्णं सकलं सर्वतः समुड्डायितं भवेत्। तदनन्तरं च यदि विक्षिप्तास्ते परमाणवः प्रचण्डपवनोद्धुताः सर्वासु दिक्षु दूरं गता एकैकशो विभिन्नाः पतिताः स्यु स्तदा तान् परमाणुरूपान् सर्वतः संचित्य तैः पुनः

मैं घासीलाल मुनिव्रति भव्य जीवों के उपकार के निमित्त प्रवचन के सिद्धान्त को स्पष्ट करनेवाली अनुयोगद्वार सूत्र पर अनुयोगचन्द्रिका नाम की सरल व्याख्या को कि जो भव्य जीवों के लिये आनन्दप्रद है-रचता हूं। ॥४॥

इस चतुर्गतिरूप संसार में मनुष्य जन्म बहुत दुर्लभ है। इस की दुर्लभता शास्त्रकारोंने इस प्रकार से—प्रकट की है—जैसे क्रीडा में तत्पर बना हुआ कोई—देव माणिक्य के स्तम्भ को वज्र से तोडकर चूर २ कर देवें, और फिर उस चूर्ण को एक नली के भीतर भरकर मेरु के शिखर पर खडा २ अपनी फूंक से इधर उधर दिशाओं में उसे सब ओर उडादेवें। इस तरह सर्व दिशाओं में विखरे हुए वे चूर्ण परमाणु कि जिन्हें प्रचंड वायु के वेग ने एक २ करके बहुत अधिक दूरतक तितर बितर कर लिया है अब यदि वह देव—उन विखरे हुए विभिन्न परमाणुओं को सर्व दिशाओ से एकत्रित

ભવ્ય જીવોના ઉપકારને માટે, પ્રવચનના સિદ્ધાન્તનું સ્પષ્ટીકરણ કરનારી, અનુયોગદ્વાર સૂત્રની અનુયોગચન્દ્રિકા નામની સરળ વ્યાખ્યા, કે જે ભવ્ય જીવોને માટે આનંદપ્રદ છે, તેની હું ઘાસીલાલજી મુનિ, રચના કરું છું. ॥ ૪ ॥

ચાર ગતિવાળા આ સંસારમાં મનુષ્યજન્મની પ્રાપ્તિ થવી ઘણી દુષ્કર છે. તેની દુષ્કરતાનું શાસ્ત્રકારોએ નીચેના દૃષ્ટાન્ત દ્વારા પ્રતિપાદન કર્યું છે.

ધારો કે કોઇ એક દેવ ક્રીડામાં તત્પર બનેલો છે. તે વજ્રની મદદથી માણેકના સ્તંભને તોડી નાખીને તેના ચૂરેચૂરા કરી નાખે છે. ત્યાર બાદ તે ચૂર્ણને એક નળીમાં ભરી લે છે. ત્યારબાદ તે દેવ તે માણેકના ભૂકાથી ભરેલી નળીને લઇને મેરૂ પર્વતના શિખર ઉપર જઇને ઊભો રહે છે અને ફૂંક મારી મારીને તે નળીમાં ભરેલા માણેકના ભૂકાને ચારે દિશાઓમાં ઉડાડી દે છે. ત્યાર બાદ પ્રચંડ વાયુ ફુંકાવાને લીધે ચારે દિશાઓમાં વિખરાયેલા તે માણેકના પરમાણુઓ દૂર દૂર સુધી ઊડી જઇને વેર વિખેર થઈ જાય છે. હવે ધારો કે તે દેવ એવો વિચાર કરે કે સર્વ દિશાઓમાં વેરવિખેર પડેલા તે માણેકના પરમાણુઓને એકત્ર કરીને ફરીથી

स्तम्भनिष्पादनं दुष्करं, तथैव चतुर्गतिसंसारेषु भ्रमतां जीवानां मनुष्यजन्म दुर्लभम् तथा चायं संग्रहश्लोकः—

"चूर्णीकृत्य पराक्रमान्मणिमयं स्तम्भं सुरेण स्वयं,
मेरौ सन्नलिकासमीरवशतः क्षिप्तं रजो दिक्षु तत् ।
स्तम्भस्तैः परमाणुभिः सुमिलितैर्लोके यथा दुष्करः,
संसारे भ्रमतो मनुष्यजननं जन्तोस्तथा दुर्लभम्" ॥ इति॥

एवंविधमतिदुर्लभं मानुषं जन्म सम्प्राप्य, मिथ्यात्वतिमिरप्रणाशकं श्रद्धाज्योतिःप्रकाशकं तत्त्वातत्त्वविवेचकं पीयूषपानमिव हितावहं चञ्चच्चन्द्रचन्द्रिकामिव हृदयाह्लादकं स्वप्नदृष्टवस्तुनः पुनर्जाग्रदवस्थायां—तल्लाभवत्प्रमोदजनकं भूमिगतनिधानप्राप्तिमिव सुखजनकसकलसन्तापहारकं धर्मश्रवणं समुपलभ्य,

---

कर पुनः उनसे मणिमय स्तंभ बनाना चाहे तो जिस प्रकार यह स्तंभ निर्माण कार्य उसका दुष्कर है, उसी प्रकार से इस चतुर्गतिरूप संसार में भटकते हुए जीवों को मनुष्य जन्म-मिलना दुर्लभ है । यही बात इस "चूर्णीकृत्य—इत्यादि श्लोक द्वारा कही गई है । इस तरह से अति दुर्लभ बने हुए मनुष्यजन्म को पाकर-के और इसमें भी मिथ्यात्वरूप अन्धकार को नाश करनेवाले, श्रद्धारूप ज्योति का प्रकाश करनेवाले एवं तत्त्व और अतत्त्व का स्वरूप कहने वाले, ऐसे धर्म का श्रवण कि जो जीव के लिये अमृतपान के समान हितकारक है—चमकती हुई चन्द्रिका के समान, हृदयानन्दजनक है—जागृत अवस्था में स्वप्नदृष्ट वस्तुकी प्राप्ति के समान प्रमोदकारक है, भूमिगतनिधान की प्राप्ति के समान सुख-दायक और समस्त सन्तापों का नाशक है, प्राप्त करके तथा इसके प्रभाव से

તેમાંથી માણિક્ય સ્તંભનું નિર્માણ કરું. તો તે વેર વિખર થઈને પડેલા પરમાણુઓને એકત્ર કરીને તેમાંથી માણિક્ય સ્તંભનું નિર્માણ કરવાનું કામ તે દેવને માટે જેટલું દુષ્કર છે, એટલું જ દુષ્કર ચાર ગતિવાળા આ સંસારમાં ભટકતાં જીવોને માટે મનુષ્ય જન્મની પ્રાપ્તિરૂપ કાર્ય છે. એજ વાત સૂત્રકારે "चूर्णीकृत्य" ઇત્યાદિ શ્લોક દ્વારા પ્રકટ કરી છે.

આ રીતે અતિ દુર્લભ એવા મનુષ્યજન્મને પ્રાપ્ત કરીને, મિથ્યાત્વરૂપ અંધકારનો નાશ કરનાર, શ્રદ્ધારૂપી જ્યોતિને પ્રકાશિત કરનાર, તત્ત્વ અને અતત્ત્વના સ્વરૂપનું પ્રતિપાદન કરનાર, એવા ધર્મનું શ્રવણ કે જે જીવોને માટે અમૃતપાન સમાન હિતકર છે, જે ચમકતી એવી ચન્દ્રિકાના પ્રકાશસમાન હૃદયને આનંદદાયક છે, જાગૃત અવસ્થામાં જે સ્વપ્નદૃષ્ટ વસ્તુની પ્રાપ્તિના સમાન પ્રમોદકારક છે, જે ભૂમિની

संसारसागरतरणतरणिं मिथ्यात्वतिमिरहरणद्युमणिं स्वर्गापवर्गसुखचिन्तामणिं क्षपकश्रेणिसरणिं कर्मरिपुदमनीं केवलदर्शनजननीं श्रद्धामवाप्य, कर्मरजः प्रक्षालने जलमिव भोगभुजङ्गनिवारणे मंत्रमिव, कर्मघनाघनविकरणे पवनमिव-केवलज्ञानभास्करप्रकटने प्राचीदिशमिव साद्यनन्तमुक्तिसाम्राज्याभिलषित-प्राप्तौ कल्पतरुमिव संयमं लब्ध्वा, हेयोपादेयवस्तुस्वरूपनिरूपणप्रवणावाध-

---

संसारसागर से पार उतारने के लिये, तरणि—नौका—जसी मिथ्यात्वरूप-गहन अन्धकार को नाश करने के लिये सूर्य जैसी स्वर्ग और मोक्ष के सुखों को देने के लिये चिन्तामणि जैसी और क्षपकश्रेणि पर आरूढ कराने के लिये नसैनी (निसरणी) जैसी, ऐसी श्रद्धा को कि जो जीवों के अनादि संचित कर्मरूप रिपुओं को नाश करने वाली होती है एवं केवलज्ञान और केवल-दर्शन को जन्म देने वाली होती है प्राप्त करके तथा जल के समान संचित कर्मरूपरज को धोनेवाले मंत्र के समान भोगरूप भुजंग को दूर करनेवाले, पवन के समान भविष्यत् कालीन कर्मरूप मेघों को उडा देनेवाले, अर्थात् (विखेरनेवाले) पूर्व दिशा के समान केवलज्ञानरूप सूर्य को प्रकटित करने-वाले, और कल्पवृक्ष के समान सादि-अनंत मुक्ति के साम्राज्यरूप इच्छित पदार्थ की प्राप्ति करा देने वाले, ऐसे संयम को प्राप्त करके तथा—हेय

નીચે છુપાયેલા ખજાનાની પ્રાપ્તિસમાન સુખદાયક છે, જે સમસ્ત સંતાપોનું નાશક છે, એવા ધાર્મિક પ્રવચનનું ભાવિક જીવે શ્રવણ કરવું જોઇએ.

આ પ્રકારના ધર્મશ્રવણને પ્રાપ્ત કરીને, તેના પ્રભાવથી સંસારસાગરને પાર કરવાને માટે શ્રદ્ધાની ખાસ જરૂર રહે છે તે શ્રદ્ધાને અહીં નૌકા સમાન કહી છે, કારણ કે સંસારસાગરને પાર કરવામાં તે નૌકાની જરૂર સારે છે. એવી નૌકા સમાન, મિથ્યાત્વરૂપ ગહન અન્ધકારને ભેદવામાં સૂર્યસમાન, સ્વર્ગ અને મોક્ષના સુખ પ્રાપ્ત કરાવવામાં ચિન્તામણિ રત્ન સમાન ક્ષપકશ્રેણિ પર આરોહણ કરાવવામાં નિસરણી સમાન, એવી શ્રદ્ધા ધર્મતત્ત્વ પ્રત્યે હોવી જોઇએ. એવી શ્રદ્ધા જીવોના અનાદિ કાળથી સંચિત કર્મરૂપ શત્રુઓનો નાશ કરનારી અને કેવળજ્ઞાન અને કેવળદર્શનની પ્રાપ્તિ કરાવનારી હોય છે.

જળની જેમ સંચિત કર્મરૂપ રજને ધોનાર, મંત્રની જેમ ભોગરૂપ ભુજંગને દૂર કરનાર, પવનની જેમ ભવિષ્યકાલિન કર્મરૂપ વાદળોને અસ્તવ્યસ્ત કરી નાખનાર, પ્રાચી દિશા (પૂર્વ દિશા) સમાન કેવળજ્ઞાનરૂપ સૂર્યને પ્રકટ કરનાર, અને કલ્પવૃક્ષ સમાન આદિ અનંત મુક્તિના સામ્રાજ્યરૂપ ઇચ્છિત પદાર્થની પ્રાપ્તિ કરાવનાર એવા

सुखजनकानि आचाराङ्गादिसूत्राणि विधिवदधीत्य, संसारवारिधिमहातरणिं शिवपद-सरलसरणिं सिद्धिपददायकं सकलगुणनायकम् अनादिं भवसंचिताष्टविधकर्मबन्धनोच्छेदकं मिथ्यात्वग्रन्थिभेदकं सम्यग्ज्ञानवर्षणे समर्थं सूत्रपरमार्थं स्वपरसमयरहस्यं च विज्ञाय, तथाविधकर्मक्षयोपशमसम्भविनीं सकलतत्त्वस्वरूपनिदर्शिनीं द्रव्यगुणपर्यायविषयविज्ञां विशदप्रज्ञां समधिगत्य, प्रवचनानुयोगकरणे यतिभिर्यतितव्यम् ।

और उपादेयरूप वस्तुओं के स्वरूप के निरूपक एवं अव्याबाध सुख के जनक आचाराङ्ग आदि-आगम शास्त्रों का सविधि अध्ययन करके, तथा-संसारसमुद्र से पार उतारने में महातरणि जैसे-और शिवपद के सोपान जैसे, सूत्र के परमार्थ को एवं स्व-पर समय के रहस्य को कि जिसके बल पर जीव को सिद्धि गति की प्राप्ति होती है, और जीवों के अनादि भव परम्परा से संचितअष्टविध कर्मों का समूह विनाश होता है तथा-मिथ्यात्वरूपी अन्तरंग ग्रन्थि (गांठ)का जो भेदक होता है और सम्यग्ज्ञानरूपी वर्षा को जो बरसाने में समर्थ होता है, जान करके, तथा तथाविधकर्म–ज्ञानावरणीय–के क्षयोपशम से उत्पन्न–हुई विशदप्रज्ञा को कि जो समस्त तत्त्वों के स्वरूप का यथार्थ दर्शन कराती है, और जिससे–द्रव्यों के सहवर्ती गुणों एवं क्रमवर्ती पर्यायों का वास्तविक भान होता है इस बात को जान करके मोक्षाभिलाषियों का कर्तव्य है कि वे प्रवचन के व्याख्यान करने में प्रयत्नशील रहें ।

સંયમને પ્રાપ્ત કરીને તથા હેય અને ઉપાદેયરૂપ વસ્તુઓના સ્વરૂપના નિરૂપક અને અવ્યાબાધ સુખના જનક આચારાંગ આદિ આગમશાસ્ત્રોનું વિધિપૂર્વક અધ્યયન કરીને તથા સંસાર સાગરને તરી જવામાં મહાતરણિ (નૌકા) જેવા. શિવપદના સોપાન સમાન, સૂત્રના પરમાર્થને પ્રકટ કરનાર, સ્વ અને પર સમયના (જૈન સિદ્ધાંત અને અન્ય સિદ્ધાંતોના) રહસ્યને પ્રકટ કરનાર, જેના પ્રભાવથી જીવને સિદ્ધિની પ્રાપ્તિ થાય છે, અનાદિ ભવ પરમ્પરાથી સંચિત અષ્ટવિધ કર્મોના સમૂહનો જેના દ્વારા વિનાશ થઇ જાય છે, તથા મિથ્યાત્વરૂપ અન્તરંગ ગ્રન્થિનું જે ભેદક હોય છે, અને સમ્યક્ જ્ઞાનરૂપ વર્ષા વરસાવવાને જે સમર્થ હોય છે, એવા પ્રવચનનું શ્રવણ કરવામાં તથા પઠન કરવામાં જીવે તત્પર રહેવું જોઇએ જ્ઞાનાવરણીય આદિ કર્મોના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલી વિશદ પ્રજ્ઞા કે જે સમસ્ત તત્ત્વોના સ્વરૂપનું યથાર્થ દર્શન કરાવે છે, અને જેના દ્વારા દ્રવ્યોના સહવર્તી ગુણો અને ક્રમવર્તી પર્યાયોનું વાસ્તવિક ભાન થાય છે, એ વાતને સમજીને મોક્ષાભિલાષી જીવોએ પ્રવચનનું વ્યાખ્યાન કરવામાં પ્રયત્નશીલ રહેવું જોઇએ.

ननु कस्तावदनुयोगः ? उच्यते-युज्यते=संबध्यते भगवदुक्तार्थेन सहेति योगः कथनलक्षणो व्यापारः, अनुरूपोऽनुकूलो वा योगः अनुयोगः। भगवद्भाषितार्थतो न्यूनाधिकविपरीतभाववैलक्षण्यमीषदपि गणधरोक्तसूत्रेषु नास्ति-इति भगवदुक्तार्थानुरूपः प्रतिपादनलक्षणो व्यापारोऽनुयोग-इति निष्कर्षः।

अयमनुयोगश्चतुर्धा—(१) चरणकरणानुयोगः (२) धर्मकथानुयोगः, (३) गणितानुयोगः, (४) द्रव्यानुयोगश्च।

शंका—अनुयोग शब्द का क्या अर्थ है,

उत्तर—भगवान् ने अर्थरूप से जो प्रवचन की प्ररूपणा की है उसी के अनुसार अनुकूल-जो वक्ता द्वारा प्रवचन का कथन किया जाता है-उसका नाम अनुयोग है।

यहां पर कथन करनेरूप व्यापारका नाम योग है। भगवद्भाषित अर्थ को गणधरों ने सूत्ररूप से ग्रथित किया है। सो इस ग्रथनकार्य में उन्होंने अपनी तर्क से कुछ भी मिश्रण नहीं किया है—किन्तु जैसा प्रभु का कथन था उसी के अनुसार उन्होंने न्यूनता, अधिकता विपरीतता, एव भाववैलक्षण्य का परिहार करते हुए ज्यों का त्यों कथन किया-है-उसे सुसंबद्ध किया है। इसी कारण गणधरोक्त सूत्रों में न्यूनता अधिकता आदि बातें जरासी भी मात्रा में नहीं हैं। इस तरह "भगवदुक्त अर्थ के अनुरूप प्रतिपादन रूप जो व्यापार है—उसका नाम अनुयोग है" यह इसका निष्कर्षार्थ है।

પ્રશ્ન—"અનુયોગ" શબ્દનો શો અર્થ થાય છે ?

ઉત્તર—ભગવાને અર્થરૂપ જે પ્રવચનની પ્રરૂપણા કરી છે, તેને અનુકૂળ અથવા તેની અનુસાર વકતાદ્વારા પ્રવચનનું જે કથન કરાય છે તેનું નામ અનુયોગ છે.

અહીં કથન કરવારૂપ વ્યાપારને યોગ કહેવામાં આવેલ છે. ભગવદ્ભાષિત અર્થને ગણધરોએ સૂત્રરૂપે ગ્રથિત કર્યો છે. પરન્તુ તે ગ્રંથનકાર્યમાં તેમણે પોતાની કલ્પનાથી કોઈ પણ વસ્તુનો ઉમેરો કર્યો નથી ભગવાનનું જે પ્રકારનુ કથન હતું તેને અનુરૂપ કથન જ તેમણે કર્યું છે. ભગવાનના કથનમાં સહેજ પણ વધારો કે ઘટાડો કર્યા વિના, તથા વિપરીતતા અને ભાવવૈલક્ષણ્યનો પરિહાર કરીને તેમણે તે કથન અનુસારનું જ કથન સૂત્રરૂપે ગ્રંથિત કરેલું છે. તે કારણે ગણધરો દ્વારા કથિત સૂત્રોમાં ન્યૂનતા, અધિકતા આદિનો અલ્પ માત્રામાં પણ સદ્ભાવ નથી. આ પ્રકારે ભગવદુકત (અર્હંતો દ્વારા કથિત) અર્થને અનુરૂપ પ્રતિપાદન રૂપ જે વ્યાપાર છે તેનું નામ જ અનુયોગ છે. આ પ્રકારનો અનુયોગ પદનો અર્થ ફલિત થાય છે.

यथा गणधरेण सुधर्मस्वामिना जम्बूस्वामिनं प्रति भगवदुक्तार्थानुरूपकथनरूपोऽनुयोग उपक्रमादीनि चत्वारि द्वाराणि समाश्रित्य कृतस्तथाऽन्येनाप्याचार्येण शिष्येभ्यः सूत्रार्थकथनरूपोऽनुयोगः कर्त्तव्यः। यद्यपि सर्वेषामागमानामनुयोगः कर्त्तव्यः, तथाऽप्यत्रसूत्रे आवश्यकस्यानुयोगः प्रस्तुतः। आवश्यकस्यानुयोगकरणे समर्थः खलु सर्वेषामागमानामनुयोगकरणे समर्थो भवति। तस्मादनुयोगविधिजिज्ञासुना मुनिनाऽनुयोगद्वारसूत्रमध्येतव्यम्। इदं च सूत्रं द्रव्यानुयोगान्तर्गतम्।

यह अनुयोग चार प्रकार का है—(१) चरणकरणानुयोग (२) धर्मकथानुयोग (३) गणितानुयोग और (४) द्रव्यानुयोग।

जिस प्रकार से गणधर सुधर्मा स्वामीने जंबूस्वामी के प्रति भगवदुक्त अर्थ के अनुसार कथन करनेरूप अनुयोग का उपक्रम आदि चार द्वारों का आश्रय करके किया है उसी तरह से अन्य आचार्य को भी शिष्यो के—प्रति सूत्रार्थ का कथन करनेरूप अनुयोग करना चाहिये। यद्यपि आचार्य को शिष्यों के लिये समस्त आगमों का अनुयोग कर्तव्य है, फिर भी इस सूत्र में आवश्यक का अनुयोग प्रस्तुत किया गया है।-क्यो कि आवश्यक के अनुयोग करने में समर्थ—बना हुआ मुनिजन समस्त आगमों के अनुयोग करने में शक्तिशाली हो जाता है। इसलिये अनुयोग की विधि को जानने की इच्छा रखनेवाले मुनिजन को इस अनुयोगद्वारसूत्र का अध्ययन अवश्य करता चाहिये। इस सूत्र का अन्तर्भाव द्रव्यानुयोग में हुआ है। अनुयोग शब्द का अर्थ व्याख्यात है।

આ અનુયોગ નીચે પ્રમાણે ચાર પ્રકારના છે—(૧) ચરણકરણાનુયોગ, (૨) ધર્મકથાનુયોગ, (૩) ગણિતાનુયોગ અને (૪) દ્રવ્યાનુયોગ.

જે પ્રકારે ગણધર સુધર્માસ્વામીએ પોતાના શિષ્ય જંબૂસ્વામીની સમક્ષ ભગવદુકત અર્થને અનુરૂપ કથન કરવા રૂપ અનુયોગનુ ઉપક્રમ આદિ ચાર દ્વારોનો આશ્રય લઈને કથન કર્યું છે; એજ પ્રમાણે અન્ય આચાર્યોએ પણ શિષ્યોના હિતને માટે સૂત્રાર્થનું કથન કરવા રૂપ અનુયોગ કરવો જોઈએ. જો કે આચાર્યોએ શિષ્યોને માટે સમસ્ત આગમોનો અનુયોગ કરવો જોઈએ, પરન્તુ આ સૂત્રમાં આવશ્યકનો અનુયોગ પ્રસ્તુત કરવામાં આવ્યો છે, કારણ કે આવશ્યકનો અનુયોગ કરવાને સમર્થ હોય એવા આચાર્ય અથવા મુનિજન સમસ્ત આગમોનો અનુયોગ કરવામાં સમર્થ બની જાય છે. તેથી અનુયોગની વિધિને જાણવાની ઇચ્છાવાળા મુનિઓએ આ અનુયોગદ્વાર સૂત્રનું અધ્યયન અવશ્ય કરવું જોઈએ. આ શબ્દનો અન્તર્ભાવ (સમાવેશ) દ્રવ્યાનુયોગમાં થયો છે. અનુયોગ શબ્દનો અર્થ વ્યાખ્યાત સમજવો.

अस्य शब्दार्थस्त्वेवम्–अनुयोगस्य–व्याख्यानस्य द्वाराणि अनुयोगद्वाराणि, तत्प्रतिपादकं सूत्रम्–अनुयोगद्वारसूत्रम्। अनुयोगस्य चत्वारि द्वाराणि सन्ति। तद्यथा–उपक्रमः, निक्षेपः, अनुगमः, नयश्चेति। तत्र उपक्रमः–उपक्रमणम् उपक्रमः। व्याख्येयवस्तुनो नामनिर्देशः, व्याचिख्यासितशास्त्रस्य तैस्तैः प्रतिपादनप्रकारैः समीपीकरणं न्यासदेशानयनं निक्षेपयोग्यताकरणमित्यर्थः। उपक्रान्तं हि उपक्रमान्तर्गतभेदैर्विचारितं–निक्षिप्यते, नत्वनुपक्रान्तम् १। निक्षेपः–निक्षेपणं निक्षेपः –उपक्रमानीतस्य व्याचिख्यासितस्य षड्विधावश्यकादेः शास्त्रस्य नाम स्थापनादि भेदेन निरूपणम् २। अनुगमः–अनुगमनम्–अनुगमः। नामादिना निक्षिप्तस्य शास्त्रस्यानुकूलं ज्ञानम्, अनुकूलार्थकथनं च ३। नयः–नयति=अनेकांशात्मकं वस्तु

इस व्याख्यानरूप अनुयोग के द्वारों का प्रतिपादन करनेवाला जो सूत्र –आगम–है वह अनुयोगद्वार सूत्र है। अनुयोग के चार द्वार हैं। वे इस प्रकार से हैं–[१] उपक्रम (२) निक्षेप, (३) अनुगम और (४) नय। व्याख्येय वस्तु के नाम का कथन करना अर्थात् व्याचिख्यासित–व्याख्या से युक्त करने की इच्छा के विषयभूत बने हुए शास्त्र को उस २ रूपसे प्रतिपादन करने की शैली से न्यासदेश में लाना–निक्षेप की योग्यतावाला उसे बनाना इसका नाम उपक्रम है। उपक्रान्त–उपक्रम के अन्तर्गत भेदों से विचारित-वस्तु का ही तो निक्षेप होता है। अनुपक्रान्त का नहीं। षड्विध आवश्यक आदि शास्त्र का कि जो उपक्रमित एवं व्याचिख्यासित है, नाम स्थापना आदि के भेद से निरूपण करना इसका नाम निक्षेप हैं। नामादि के भेद से निरूपित शास्त्र का अनुकूल ज्ञान होना और अनुकूल उसके अर्थ का कथन करना इसका नाम अनुगम है। अनेक–धर्मात्मक वस्तु को एकांश के

આ વ્યાખ્યાનરૂપ અનુયોગના દ્વારોનું પ્રતિપાદન કરનાર જે સૂત્ર–આગમ–છે, તેનું નામ અનુયોગદ્વાર સૂત્ર છે. અનુયોગના જે ચાર દ્વાર છે, તે નીચે પ્રમાણે છે. (૧) ઉપક્રમ, (૨) નિક્ષેપ, (૩) અનુગમ અને (૪) નય. વ્યાખ્યેય વસ્તુના નામનું કથન કરવું એટલે કે વ્યાચિખ્યાસિત વ્યાખ્યાથી યુકત કરવાની ઇચ્છાના વિષયરૂપ બનેલ શાસ્ત્રને તે તે રૂપે પ્રતિપાદન કરવાની શૈલી વડે ન્યાસદેશમાં લાવવું. તેને નિક્ષેપની યોગ્યતાવાળું બનાવવું તેનું નામ ઉપક્રમ છે. ઉપક્રાન્ત ઉપક્રમના અન્તર્ગત ભેદોની અપેક્ષાએ વિચારાયેલી વસ્તુનો જ નિક્ષેપ થાય છે–અનુપક્રાન્તનો થતો નથી. જે ઉપક્રમિત અને વ્યાચિખ્યાસિત છે એવા છ પ્રકારના આવશ્યક આદિ શાસ્ત્રનું નામ સ્થાપના આદિ ભેદોથી નિરૂપણ કરવું. તેનું નામ નિક્ષેપ છે નામાદિના ભેદથી નિરુપિત શાસ્ત્રનું અનુકૂળ જ્ઞાન હોવું અને તેના અર્થનું અનુકૂળ કથન કરવું

एकांशावलम्बनेन प्रतीतिपथं प्रापयतीति नयः, नयनम्=अनन्तधर्मात्मकस्य वस्तुनो नियतैकधर्मात्मकतावलम्बनेन प्रतीतौ प्रापणं नयः। अनन्तधर्मात्मकस्य वस्तुन एकांशपरिच्छेदो नय इति ४।

अत्र नगरदृष्टान्तमाह—

यथा द्वाररहितं नगरं नगरमेव न भवति। यद्येकस्यामेव प्राच्यां दिशि द्वारं भवेत्, तर्हि तत्र गजरथतुरगपदातीनां नगरवासिनां तदितरेषामागन्तुकानां जनानां च संघर्षे निर्गमः प्रवेशो वा दुष्करोऽनर्थकरश्च भवति।

अवलम्बन से जो प्रतीति कराता है, इसका नाम नय है। नगर के दृष्टान्त से इन चारों द्वारों का स्पष्टीकरण इस प्रकार से है—जिस नगर को द्वार नहीं होता है वह वास्तव में नगर ही नहीं माना जाता है। जिस नगर में केवल पूर्वदिशा में ही द्वार हो तो वहां के रहनेवाले गज, तुरग आदि जानवरों का मनुष्यो का, तथा बाहर से आये हुए प्राणियों का आने जाने में संघर्ष होने पर प्रवेश और निर्गम दुष्कर बन जाता है, तथा वह आना जाना अनर्थोत्पादक भी होता हैं। इसी प्रकार से उस नगर में प्रवेश करने के लिये केवल पूर्व और पश्चिम दिशा में एक २ द्वार हो तो ऐसी स्थिति में यद्यपि पूर्व पश्चिम दिग्विभागवर्ती प्राणियों को आने जाने में सरलता भले ही रहे, परन्तु जो और दिशाओं में वहां रहते हैं, उन्हे तथा बाहर से आनेवाले जो प्राणी हैं उन्हें और गज, रथ तुरग, आदि जो जानवर हैं—उन्हें संघर्ष

તેનું નામ અનુગમ છે અનેક ધર્માત્મક અર્થાત્ અનેક ધર્મના સ્વભાવવાળી વસ્તુની જે એકાંશના અવલંબનથી પ્રતીતિ કરાવે છે તેનું નામ નય છે.

નગરના દૃષ્ટાન્ત દ્વારા આ ચાર દ્વારોનું હવે સ્પષ્ટીકરણ કરવામાં આવે છે-

જે નગરને દરવાજો જ ન હોય તેને વાસ્તવિક રીતે તો નગર જ કહી શકાય નહીં. કોઇ નગરને માત્ર પૂર્વાદિ કોઇ એક જ દિશામાં એક જ દરવાજો હોય, તે નગરમાં દાખલ થવાનું કે તે નગરમાંથી બહાર જવાનું કાર્ય મુશ્કેલ બની જાય છે, કારણ કે હાથી, ઘોડા આદિ પ્રાણીઓ તથા મનુષ્યોની અવરજવરમાં સંઘર્ષ થવાને કારણે તે નગરમાં પ્રવેશ કરવાનુ કે તે નગરમાંથી બહાર નીકળવાનું કાર્ય દુષ્કર બની જાય છે, તથા તે અવર-જવર કયારેક અનર્થોત્પાદક પણ બની જતી હોય છે. કોઇ નગરમાં પૂર્વ પશ્ચિમ બે દિશામાં બે દ્વારો હોય તો તે તે દિશામાં રહેલા પ્રાણીઓ અને મનુષ્યોને તો અવર જવર કરવાની અનુકૂળતા રહે છે, પરન્તુ અન્ય દિશાઓમાં જે પ્રાણીઓ અને મનુષ્યો રહેતા હોય છે, તેમને તો અવર જવરમાં મુશ્કેલી જ પડે છે. અન્ય દિશાઓમાથી નગરમાં પ્રવેશ કરતાં હાથી, રથ ઘોડા આદિ પ્રાણીઓ અને નગરની બહાર જતા પ્રાણીઓ વચ્ચે સંઘર્ષ થયા જ કરે છે, તે કારણે તે

प्राच्यां पश्चिमायां च दिशि द्वारसद्भावे तत्तद्दिग्भागवर्त्तिनां निर्गमप्रवेशसौकर्येऽपि तदितरदिग्भागवर्तिनां नगरान्तर्निवासिनां तदितरेषां बाह्य देशादागतानां च जनानां गजरथतुरगादीनां च संघर्षे निर्गमः प्रवेशो वा दुष्करोऽनर्थकरश्च भवति, तथैव त्रिषु दिग्भागेषु द्वारत्रयसद्भावेऽपि जनानां निर्गमः प्रवेशो वा दुष्करोऽनर्थकरश्च भवति, यत्र तु नगरे चतुसृषु दिशासु चत्वारि मूलद्वाराणि, तथा तदनुगतानेकमार्गसंलग्नरथ्याद्वाराणि विद्यन्ते, तत्र निर्गमः प्रवेशो वा सुकरो भवति। तथैवावश्यकरूपं नगरमपि उपक्रमादिद्वाररहितं नाधिगन्तुं शक्यते। न च केवलमुपक्रमद्वारेण, नापि वा द्वाभ्यामुपक्रमनिक्षेपाभ्यां, न चापि त्रिभिरुप-

---

होने पर आना जाना बडा मुश्किल हो जाता है। परस्पर में धक्कमधक्का होने से अनेक प्रकार के अनिष्ट भी हो जाते हैं। इसी तरह से यदि उसमें प्रवेश करने के लिये तीन द्वार हों, तो कुछ पहिले की अपेक्षा प्रवेश निर्गम में सरलता होने पर भी सर्वथा सरलता नहीं आती है। परन्तु जब उसमें आने जाने के लिये चारो दिशाओं में चार दरवाजे हों, तथा और भी अनेक मार्ग संलग्न रथ्याद्वार हों, तो फिर आने जाने में किसी प्रकार का संघर्ष न होने से कोई भी प्राणी को रुकावट नही होती है और न किसी प्रकार के अनर्थ होने की संभावना ही रहती है। ठीक इसी प्रकार से आवश्यकरूप नगर भी यदि उपक्रम आदि चार द्वारों से विहीन हो तो वह ज्ञान का विषयभूत नहीं बन सकता अर्थात् उसका वास्तविक रहस्यज्ञात नहीं हो सकता, अतः उसे वास्तविकरूप में जानने के लिये इन चार ही उपक्रम आदि द्वारों की परम

નગરમાં પ્રવેશ કરવાનું અને તે નગરમાંથી નિર્ગમન કરવાનું કાર્ય મુશ્કેલ જ થઇ પડે છે. ત્યાં એકબીજા વચ્ચે ધક્કા ધક્કી થવાથી અનેક પ્રકારના અનિષ્ટો પણ ઉદ્ભવે છે. એજ પ્રમાણે જો તે નગરને ત્રણ દિશાઓમાં ત્રણ દરવાજા રાખ્યા હોય તો પહેલા અને બીજા પ્રકારના નગર કરતાં પ્રવેશ અને નિર્ગમમાં અધિક સરળતા તો રહે છે, પણ સંપૂર્ણ સરળતા તો રહેતી નથી. પણ જો નગરમાં આવવા–જવા માટે ચારે દિશાઓમાં ચાર દરવાજા રાખ્યા હોય, તથા બીજા માર્ગોને જોડતાં બીજાં પણ ઉપદ્વારો રાખ્યાં હોય, તો ત્યાં અવરજવરમાં કોઇ પણ પ્રકારનો સંઘર્ષ થતો નથી–કોઈ પણ બે પ્રાણીઓ વચ્ચે ધક્કાધક્કી ચાલતી નથી અને તે કારણે ત્યાં કોઇ પણ પ્રકારના અનર્થની શકયતા રહેતી નથી. ત્યાં પ્રાણીઓ અને મનુષ્યો સરળતાથી પ્રવેશ પણ કરી શકે છે અને નિર્ગમ પણ કરી શકે છે. એજ પ્રમાણે આવશ્યકરૂપ નગર પણ જો ઉપક્રમ આદિ ચાર દ્વારોથી રહિત હોય, તો જ્ઞાનના વિષયરૂપ બની શકતું નથી–એટલે કે તેનું વાસ્તવિક રહસ્ય જાણી શકાતું નથી. તેથી તેને યથાર્થરૂપે જાણવા માટે ઉપક્રમ આદિ આ ચારે

क्रमनिक्षेपानुगमैर्द्वारैस्तदर्थमधिगन्तुं शक्यते । तदर्थानधिगमे च सति क्लेशो ऽनर्थश्च जायते । भेदप्रभेदसहितोपक्रमादिद्वारचतुष्टयसद्भावे तु स्वल्पेनैव कालेन तत्सुगमं शाश्वतसुखप्रदं च भवति। तस्माद् द्वारचतुष्टयमाश्रित्य षड्विधावश्यक-प्रतिपादनार्थमिदं सूत्रं प्रस्तुतम् ।

इह शास्त्रे प्रवृत्त्यर्थमादावानुबन्धचतुष्टयं विज्ञेयम्। तच्च विषयः, प्रयोजनं संबन्धः, अधिकारी चेति । तत्र विषयोऽभिधेयः-स चेह उपक्रमादीन्यनुयोग-

---

आवश्यकता है। केवल एक उपक्रमद्वार से या उपक्रम निक्षेपरूप दो द्वारों से अथवा उपक्रम निक्षेप और अनुगम इन तीन द्वारों से उसका अर्थ नहीं जाना जा सकता । अर्थाधिगम—पदार्थ के ज्ञान हुए विना क्लेश एवं अनर्थ होता है। जब भेद प्रभेद सहित इन उपक्रम आदि चार द्वारों का उसमें सद्भाव होता है, तो उनकी सहायता से स्वल्प काल में ही वास्तविकरूप में शास्त्र के अर्थ का बोध सुगमरीति से हो जाता है और इस से वह शास्त्र शाश्वत सुख प्रद भी हो जाता है। इसलिये सूत्रकारने इन पूर्वोक्त चार द्वारों को लेकर षड् विध आवश्यकों को प्रतिपादन करने के लिये इस सूत्र को प्रस्तुत किया है ।

इस शास्त्र में प्रवृत्ति होने के निमित्त चार बातों की आवश्यकता है। उनका नाम अनुबंध चतुष्टय है। और वे "विषय, प्रयोजन, संबन्ध अधिकारी" ये हैं। जो इस शास्त्र का अभिधेय है. वह विषय है। वह विषय उपक्रमादि चार

દ્વારોની પરમ આવશ્યકતા રહે છે. કેવળ એક ઉપક્રમ દ્વારથી જ, અથવા ઉપક્રમ અને નિક્ષેપરૂપ બે દ્વારોથી અથવા ઉપક્રમ, નિક્ષેપ અને અનુગમરૂપ ત્રણ દ્વારોથી તેનો અર્થ જાણી શકતો નથી અર્થાધિગમ (અર્થનું જ્ઞાન) થયા વિના તો કલેશ અને અનર્થને પાત્ર થવું પડે છે. જ્યારે ભેદ પ્રભેદ સહિત આ ઉપક્રમ આદિ ચારે દ્વારોનો તેમાં સદ્ભાવ હોય છે, ત્યારે તેની સહાયતાથી ઘણા થોડા સમયમાં જ અને સરળતાથી વાસ્તવિકરૂપે શાસ્ત્રના અર્થનો બોધ થઇ જાય છે, અને તેને લીધે તે શાસ્ત્ર શાશ્વત સુખપ્રદ પણ થઈ જાય છે. તેથી સૂત્રકારે પૂર્વોક્ત ઉપક્રમ આદિ ચાર દ્વારોને અનુલક્ષીને છ પ્રકારના આવશ્યકોનું પ્રતિપાદન કરવાને માટે આ સૂત્રને પ્રસ્તુત કર્યું છે.

આ શાસ્ત્રમાં પ્રવૃત્તિ થવાને નિમિત્તે ચાર બાબતોની આવશ્યકતા રહે છે. જે ચાર બાબતોની આવશ્યકતા રહે છે તે ચાર બાબતોને અનુબંધ ચતુષ્ટય કહે છે. તે ચાર બાબતો નીચે પ્રમાણે છે–વિષય, પ્રયોજન, સંબંધ અને અધિકારી. આ શાસ્ત્રનો જે અભિધેય છે તેનું નામ જ વિષય છે. તે વિષય ઉપક્રમ

द्वाराणि । प्रयोजनं—फलम्, तच्च द्विविधम्—अन्तरफलं परम्पराफलं च । तत्राद्यं शास्त्रकर्तुर्भव्यानुग्रहरूपम् । श्रोतुश्च शास्त्रार्थबोधः । उभयोरपि परम्परा प्रयोजनम् —परमपदप्राप्तिः । शास्त्रस्य विषयस्य च सम्बन्धः—प्रतिबोध्य प्रतिबोधकभावः । परमपदप्राप्तिः । अधिकारी तु जिनाज्ञाराधक इति ।

अथ शिष्टाचारपरिपालनार्थं शास्त्रनिर्विघ्नपरिसमाप्त्यर्थं शास्त्रस्य मंगलस्वरूपत्वेऽपि शिष्यस्य शास्त्रविषयीभूतार्थज्ञानप्राप्तिदृढविश्वासार्थं च मंगलरूपं प्रथमं सूत्रमाह—

मूलम्—नाणं पंचविहं पण्णत्तं, तं जहा—आभिनिबोहियनाणं सुयनाणं, ओहिनाणं, मणपज्जवनाणं, केवलनाणं ॥ सू० १ ॥

अनुयोग द्वाररूप है । प्रयोजन नाम फल का है । वह दो प्रकार का होता है—[१] अनन्तर—साक्षात्—फल और दूसरा परम्परा फल । "पढने वाले, सुनने वाले भव्यजीवों का इस से अनुग्रह हो ऐसी भावना जो शास्त्रकार के हृदय में होती है वह ग्रन्थकर्ता की अपेक्षा तथा इसे अध्ययन करनेवाले, सुननेवाले प्राणियों को जो इस के द्वारा बोध प्राप्त होता है वह उनकी अपेक्षा इसका साक्षात् प्रयोजन है । एवं ग्रन्थ—शास्त्र—कर्ता—और अध्येता—श्रोता को जो परमपद (मोक्ष) की प्राप्ति होती है वह इसका परम्परा प्रयोजन है । शास्त्र का और विषय का प्रतिबोध्य प्रतिबोधकभाव संबन्ध है विषय प्रतिबोध्य शास्त्र उसका प्रतिबोधक है जिनाज्ञा का आराधक जीव अधिकारी है ।—

આદિ ચાર અનુયોગ દ્વારરૂપ જ છે. પ્રયોજન એટલે ફળ. તે પ્રયોજન બે પ્રકારનું હોય છે. અનન્તર સાક્ષાત્ અને (૨) પરમ્પરા ફળ.

વાંચનારા અને શ્રવણ કરનારા ભવ્ય જીવોનું તેના દ્વારા કલ્યાણ થાય, એવી જે ભાવના તે શાસ્ત્રકારના હૃદયમાં હોય છે, તે ગ્રન્થકર્તાની અપેક્ષાએ તેનું સાક્ષાત પ્રયોજન છે. તથા તેનું અધ્યયન કરવાથી કે શ્રવણ કરવાથી અધ્યયન કરનારને કે શ્રોતાને જે બોધ થાય છે, તે તેમની અપેક્ષાએ તેનું સાક્ષાત પ્રયોજન ગણાય છે. ગ્રન્થ (શાસ્ત્ર) કર્તાને, ગ્રન્થનું અધ્યયન કરનારને અને તેનું શ્રવણ કરનારને જે પરમપદની પ્રાપ્તિ થાય છે, એજ તેનું પરમ્પરા પ્રયોજન ગણાય છે. શાસ્ત્રનો અને વિષયનો પ્રતિબોધ્ય-પ્રતિબોધકભાવ રૂપ સંબંધ હોય છે. વિષય પ્રતિબોધ્ય અને શાસ્ત્ર તેનું પ્રતિબોધક હોય છે. જિનાજ્ઞાનું આરાધન કરનાર જીવ તેનો અધિકારી ગણાય છે.

छाया--ज्ञानं पञ्चविधं प्रज्ञप्तम्, तद् यथा-आभिनिबोधिकज्ञानं, श्रुतज्ञानम्, अवधिज्ञानं, मनःपर्यवज्ञानं, केवलज्ञानम् ॥१॥

टीका--'नाणं' इत्यादि—

ज्ञानम्-ज्ञातिर्ज्ञानमिति भावसाधनः, स्वविदित्यर्थः । ज्ञायतेऽनेनास्माद्वेति ज्ञानं, तदावरणस्य क्षयः क्षयोपशमो वा । ज्ञायते वाऽस्मिन्निति

अब सूत्रकार शिष्ट पुरुषों के आचार को पालन करने के लिये शास्त्र की निर्विघ्न परिसमाप्ति के लिये और-शिष्यों को शास्त्र विषयीभूत अर्थज्ञान की प्राप्ति का दृढ विश्वास जमाने के लिये मंगलरूप होने पर भी इस शास्त्र की आदि में सर्व प्रथम मंगल सूत्र का पाठ करते हैं।

"नाणं पंचविहं पण्णत्तं" इत्यादि । ॥ सू० १ ॥

शब्दार्थ-(णाणं) ज्ञान (पंचविहं) पांच प्रकार का-(पण्णत्तं) कहा गया हैं। यहां ज्ञान शब्द भावसाधन-करणसाधन और कर्तृसाधन है "ज्ञातिः-ज्ञानम् जानना इसका नाम ज्ञान है यह भावसाधन में ज्ञान की व्युत्पत्ति है-"ज्ञायते अनेन इति ज्ञानम्" यह करणसाधन में व्युत्पत्ति है-आत्मा जिसके द्वारा पदार्थों को जानता है वह ज्ञान है-इस करणसाधन से ज्ञानावरण कर्म का क्षय अथवा क्षयोपशम लक्षित होता है । क्यों कि इस के होने पर ही आत्मा में ज्ञान का प्रादुर्भाव (उत्पत्ति) या ज्ञान में सर्वथा निर्मलता आती है । अतः ज्ञानावरण का क्षय और क्षयोपशम ज्ञानरूप होने के कारण अभेद संबन्ध से ज्ञानरूप ही

શાસ્ત્રકારે શિષ્ટ પુરુષોના આચારનું પાલન કરવા માટે, શાસ્ત્રની નિર્વિઘ્ને પરિસમાપ્તિ કરવા નિમિત્તે અને શિષ્યોમાં શાસ્ત્રવિષયીભૂત અર્થજ્ઞાનની પ્રાપ્તિનો દૃઢ વિશ્વાસ જમાવવાને નિમિત્તે જો કે શાસ્ત્ર પોતે જ મંગળરૂપ હોવા છતાં પણ-આ શાસ્ત્રનો પ્રારંભ કરતી વખતે સૌથી પહેલાં મંગળ સૂત્રનો પાઠ કર્યો છે.

"नाणं पंचविहं पण्णत्तं" ઇત્યાદિ ॥ સૂ- ૧ ॥

શબ્દાર્થ—(णाणं) જ્ઞાન (पंचविहं) પ્રાચ પ્રકારનું (पण्णत्तं) કહ્યું છે. અહીં 'જ્ઞાન' શબ્દ ભાવસાધન, કરણસાધન અને કર્તૃસાધનરૂપ છે. ભાવસાધનમાં જ્ઞાનની વ્યુત્પત્તિ આ પ્રમાણે થાય છે "ज्ञातिः-ज्ञानम्" જાણવું તેનું નામ જ્ઞાન છે. કરણસાધનમાં જ્ઞાનની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે "ज्ञायते अनेन इति ज्ञानम्" આત્મા જેના દ્વારા પદાર્થોને જાણે છે તેનું નામ જ્ઞાન છે. આ કરણસાધન દ્વારા જ્ઞાનાવરણકર્મનો ક્ષય અથવા ક્ષયોપશમ લક્ષિત થાય છે, કારણ કે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય અથવા ક્ષયોપશમ થવાથી જ આત્મામાં જ્ઞાનનો પ્રાદુર્ભાવ થાય છે અથવા જ્ઞાનમાં સર્વથા નિર્મળતા પ્રકટ થાય છે. તેથી જ્ઞાનાવરણનો ક્ષય અને ક્ષયોપશમ જ્ઞાન રૂપ જ હોવાને કારણે અભેદ સંબંધની અપેક્ષાએ જ્ઞાનરૂપ જ નિવડે છે.

ज्ञानमात्मा—तदावरणक्षयक्षयोपशमपरिणामयुक्ताः । जानातीति वा ज्ञानम् । तत् पञ्चविधं=पञ्चप्रकारं प्रज्ञप्तं–प्ररूपितम् अर्थतस्तीर्थङ्करैः सूत्रतश्च गणधरैः । अत्र गणधरेण स्वबुद्ध्या परिकल्पितं किंचिदपि नोच्यते । पण्णत्तं' इत्यस्य 'प्राज्ञाप्तम्' इतिच्छायापक्षे—प्राज्ञात्-सर्वज्ञात् आप्तं—प्राप्तं गणधरैरित्यर्थः, यद्वा–प्रज्ञया भव्यजन्तुभिराप्तं-प्राप्तं—प्रज्ञाप्तं तदेव प्राज्ञाप्तम् । नहि प्रज्ञाविकलैरिदमाप्तुं शक्यते

होता है। इसलिये करणसाधन में पदार्थों के जानने में अत्यन्त साधक जो ज्ञान है वह गृहीत हुआ है। जो कि ज्ञानावरण के क्षय और क्षयोपशमस्वरूप है इसी तरह से पदार्थ जिस से जाना जाय वह ज्ञान है इस प्रकार की व्युत्पत्ति करने पर भी ज्ञानावरण का क्षय और क्षयोपशम—ज्ञानरूप ही होता है क्यों कि पदार्थ ज्ञान से जाना जाता है। "ज्ञायते अस्मिन्निति ज्ञानमात्मा" पदार्थ जिस से जाना जावे—उसका नाम ज्ञान है इस प्रकार की व्युत्पत्ति में आत्मा ज्ञान रूप प्रतीत होता हैं। यहां परिणाम और परिणामवाले का अभेद होनेके कारण आत्मा को ज्ञानरूप मान लिया गया हैं। क्यों कि ज्ञानावरणकर्म के क्षय अथवा क्षयोपशम से विशिष्ट आत्मा का परिणाम ज्ञान है और आत्मा परिणाम वाला है। "जानाति इति ज्ञानम्" इस व्युत्पत्ति में भी यही अर्थलभ्य है। ज्ञान में पांच प्रकारता अर्थ की अपेक्षा तीर्थंकरोंने और सूत्र की अपेक्षा गणधरोंने प्ररूपित की है। इस विषय में गणधरोंने अपनी तरफ से कुछ भी कल्पित करके नहीं कहा है "यह बात पण्णत्त" इस शब्द

તેથી કરણસાધનમાં પદાર્થોને જાણવામાં અત્યન્ત સાધક જે જ્ઞાન છે તેને જ અહીં ગ્રહણ કરાયું છે. એવું જ્ઞાન જ્ઞાનાવરણના ક્ષય અને ક્ષયોપશમ સ્વરૂપ જ હોય છે. એજ પ્રમાણે "પદાર્થ જેના વડે જાણી શકાય તે જ્ઞાન છે," આ પ્રકારની વ્યુત્પત્તિ કરવામાં આવે તો પણ જ્ઞાનાવરણનો ક્ષય અને ક્ષયોપશમ જ્ઞાનરૂપ જ થઈ પડે છે, કારણ કે પદાર્થ જ્ઞાનદ્વારા જ જાણી શકાય છે. "ज्ञायते अस्मिन्निति ज्ञानमात्मा" "પદાર્થ જેમાં જાણી શકાય તેનું નામ જ્ઞાન છે," આ પ્રકારની વ્યુત્પત્તિમાં આત્મા જ્ઞાનરૂપ પ્રતિપાદિત થાય છે. અહીં પરિણામ અને પરિણામવાળામાં અભેદ હોવાને કારણે આત્માને જ્ઞાનરૂપ માની લેવામાં આવ્યો છે, કારણ કે જ્ઞાનાવરણ કર્મના ક્ષય અથવા ક્ષયોપશમવાળા આત્માનું પરિણામ જ્ઞાન છે અને આત્મા તે પ્રકારના પરિણામવાળો છે. "जानाति इति ज्ञानम्" આ વ્યુત્પત્તિ અનુસાર પણ એજ અર્થ પ્રાપ્ત થાય છે. જ્ઞાનમાં અર્થની અપેક્ષાએ પાંચ પ્રકારતા તીર્થંકરોએ પ્રરૂપિત કરી છે અને સૂત્રની અપેક્ષાએ પાંચ પ્રકારતા ગણધરોએ પ્રરૂપિત કરી છે. આ બાબતમાં ગણધરોએ પોતાના તરફથી કલ્પિત કરીને કંઈ પણ મિશ્રિત કર્યું નથી, એજ વાત સૂત્રકારે "पण्णत्तं" પદ દ્વારા પ્રકટ કરી છે. અથવા

पञ्चविधत्वं दर्शयति–'तं जहा' इत्यादिना 'तं जहा' तद्यथा-तज्ज्ञान यथा पञ्चविधं भवति, तथा प्रोच्यते। तत्र (१) प्रथमं ज्ञानम्–'आभिणिबोहियनाणं' आभिनिबोधिकज्ञानम्. 'अभि' इति अभिमुखः–वस्तुयोग्यदेशावस्थानापेक्षी, 'नि' इति नियतः-इन्द्रियमनःसमाश्रित्य स्व स्व विषयापेक्षीबोधः–अभिनिबोधः, स एव आभिनिबोधिकम् तच्च तद् ज्ञानं च आभिनिबोधिकज्ञानम्। अत्र 'ज्ञान' शब्दः सामान्यज्ञान-वाचकः। अभिनिबोधशब्दः इन्द्रिय नो

से सूत्रकारने प्रकट की है। अथवा, "पण्णत्तं" इस पद की संस्कृत छाया "प्राज्ञप्तं" ऐसी भी होती है–इस का अर्थ यह है कि ज्ञान में पंच प्रकारता गणधरों ने प्राज्ञ तीर्थंकर सर्वज्ञ भगवान् से प्राप्त की है। अथवा इसी छाया के पक्ष में ऐसा अर्थ भी होता है कि ज्ञान में यह पंच प्रकारता भव्य प्राणियोंने अपनी बुद्धि से ही पाई है। विना बुद्धि से तो यह प्राप्त की नहीं जा सकती है। इस तरह जो प्रज्ञाप्त है वही प्राज्ञाप्त हैं। (तं जहा) वह ज्ञान में पंच प्रकारता इस तरह से है।

(आभिणिबोहियनाणं) (१) आभिनिबोधिक ज्ञान-यह ज्ञान वस्तु को योग्य देश में होने की अपेक्षा रखता है तथा पांच इन्द्रिय और मन की सहायता से होता है। यह बात "अभि" और "नि" शब्द से प्रकट होती है। इस तरह योग्य देश में स्थित वस्तु को इन्द्रिय और मन की सहायता से जानने वाले ज्ञान का नाम अभिनिबोध ज्ञान है। यह अभिनिबोध ही आभिनिबोधिक

"पण्णत्त" આ પદની સંસ્કૃત છાયા "प्राज्ञाप्तं" છે. આ પ્રાજ્ઞાપ્તની અપેક્ષાએ જો વિચાર કરવામાં આવે તો તેનો અર્થ આ પ્રમાણે થાય છે-જ્ઞાનમાં પંચવિધતાની પ્રાપ્તિ ગણધરોએ પ્રાજ્ઞ તીર્થંકર સર્વજ્ઞ ભગવાન પાસેથી કરી છે.

અથવા તેનો અર્થ એવો પણ થાય છે કે–જ્ઞાનમાં આ પાંચ પ્રકારતા ભવ્ય જીવોએ પોતાની બુદ્ધિથી જ પ્રાપ્ત કરેલ છે. બુદ્ધિ વગર તો તેની પ્રાપ્તિ થઇ શકતી જ નથી. આ રીતે જે પ્રજ્ઞાપ્ત છે, એજ પ્રાજ્ઞાપ્ત છે. (तं जहा) જ્ઞાનના તે પાંચ પ્રકારો નીચે પ્રમાણે છે–(आभिणिबोहियनाणं) (૧) આભિનિબોધિક જ્ઞાન—

આ જ્ઞાન વસ્તુ યોગ્ય દેશમાં હોય એવી અપેક્ષા રાખે છે, તથા પાંચ ઇન્દ્રિયો અને મનની સહાયતાથી થાય છે. એજ વાત "अभि" અને "नि" ઉપસર્ગો દ્વારા પ્રકટ કરી છે. આ રીતે આભિનિબોધિક જ્ઞાનની વ્યાખ્યા આ પ્રમાણે થાય છે—"યોગ્ય દેશમાં સ્થિત (રહેલી) વસ્તુને ઇન્દ્રિયો અને મનની સહાયતાથી જાણનારા જ્ઞાનનું" નામ આભિનિબોધ છે. તે અભિનિબોધ જ આભિનિબોધિક

इन्द्रियजन्यविशिष्टज्ञानवाचकः। अतः सामान्यविशेषयोर्ज्ञानयोः सामानाधिकरण्यम्। इदं मतिज्ञानमप्युच्यते ॥१॥

(२) श्रुतज्ञानम्—श्रुतं—श्रुतिः—श्रवणं ज्ञानविशेषः। तच्च कीदृशम्? उच्यते, शब्दस्य श्रवणेन भाषणादिना वा यज्ज्ञानमुत्पद्यते तदेव श्रुतम्। अत्र श्रुतशब्देन श्रुतज्ञानं गृह्यते—ज्ञानं प्रभेदप्रकरणान्तःपातित्वात्। न तु श्रूयते इति व्युत्पत्त्या शब्दार्थकः श्रुतशब्दः। लब्धिरूपे मतिज्ञाने सति पश्चात् श्रुतज्ञानमुत्पद्यते, न तु मतिज्ञानाभावे। अतो मतिज्ञानं कारणं श्रुतज्ञानस्य।

ज्ञान है। यहां ज्ञान शब्द सामान्यज्ञान का वाचक और अभिनिबोध शब्द इन्द्रिय और मन से उत्पन्न होने वाले विशिष्टज्ञान का वाचक है। अतः" 'आभिनिबोधिकं च तज्ज्ञानं च आभिनिबोधिकज्ञान" इस तरह से इन दोनों सामान्य विशेष ज्ञानों में समानाधिकरणता हुई है। इस आभिनिबोधिकज्ञान का दूसरा नाम मतिज्ञान भी है।

श्रुतज्ञान—शब्द के श्रवण से अथवा भाषण आदि से जो ज्ञान उत्पन्न होता है वह ज्ञान श्रुतज्ञान है। ज्ञान के प्रभेदों के प्रकरण के आने के कारण यहां श्रुतशब्द से ज्ञान का ग्रहण हुआ। श्रुत से शब्द का नहीं। "श्रूयते" इति श्रुतं इस प्रकार की व्युत्पत्ति से श्रुत शब्दरूप अर्थ का वाचक भी होता है परन्तु वह शब्दार्थक श्रुत यहां गृहीत नहीं हुआ है। कारण वह शब्द पौद्गलिक पर्याय होने से अचेतन है, और ज्ञान आत्मा का निजस्वरूप होने से चेतन है।

જ્ઞાન છે." અહીં જ્ઞાન પદ સામાન્ય જ્ઞાનનું વાચક છે અને અભિનિબોધ પદ ઇન્દ્રિયો અને મનની સહાયતાથી ઉત્પન્ન થનાર વિશિષ્ટ જ્ઞાનનું વાચક છે. તેથી "आभिनिबोधिकं च तज्ज्ञानं च आभिनिबोधिकज्ञानं" આ પ્રકારે તે બન્ને સામાન્ય વિશેષ જ્ઞાનોમાં સમાનાધિકરણતા થઈ છે. આ આભિનિબોધિક જ્ઞાનનું બીજું નામ મતિજ્ઞાન પણ છે.

(૨) શ્રુતજ્ઞાન—શબ્દના શ્રવણથી અથવા ભાષણ આદિ વડે જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તેને શ્રુતજ્ઞાન કહે છે. જ્ઞાનના પ્રભેદોના પ્રકરણમાં આવી જતુ હોવાને લીધે અહીં શ્રુત શબ્દ વડે જ્ઞાનનું જ ગ્રહણ થયું છે—અહીં 'શ્રુત' પદ દ્વારા શબ્દ ગૃહીત થયેલ નથી. 'श्रूयते इति श्रुतम्" આ પ્રકારની વ્યુત્પત્તિને આધારે શ્રુત પદ શબ્દરૂપ અર્થનું વાચક પણ સંભવી શકે છે, પરન્તુ તે શબ્દાર્થક શ્રુત અહીં ગ્રહણ કરવામાં આવ્યું નથી. કારણ કે તે શબ્દ પૌદ્ગલિક પર્યાયરૂપ હોવાથી અચેતન છે, પણ જ્ઞાન આત્માના નિજગુણરૂપ હોવાથી ચેતન છે.

शंका--शब्द के श्रवण अथवा भाषण आदि से जो ज्ञान होता है वह श्रुतज्ञान है" ऐसा जो श्रुत का लक्षण कहा जा रहा है वह अतिव्याप्ति दोष से युक्त होने के कारण ठीक नहीं है। क्यों कि यह लक्षण मतिज्ञान में भी रहता है। वह श्रोत्रेन्द्रिय और मन से भी होता है।-

उत्त--ऐसा समझना ठीक नहीं है-कारण मतिज्ञान पांचों इन्द्रियों और मन से ही होता है-। तब यह ज्ञान केवल मन से ही होता है-अन्य इन्द्रियों से नहीं।" शब्दश्रवण अथवा भाषणआदि से जो ज्ञान होता है वह श्रुतज्ञान है। ऐसा जो कहा गया है उसका कारण यह है कि शब्द श्रवण और भाषण आदि जन्य जो श्रोत्रेन्द्रिय से उस का ज्ञान होता है वह मतिज्ञान है-और इस मतिज्ञानपूर्वक उस विषय में जो शब्दश्रवण आदि के संबन्ध से विशेष चिंतन चालू होता है कि जो केवल मन का ही कार्य है वह श्रुतज्ञान है। उदाहरणार्थ-शब्द विषयक श्रोत्र जन्यज्ञान होने पर उसके संबन्ध से मन में" यह किस प्रकार के शब्द को बोल रहा है-उच्चस्वर से शब्द उच्चरित हो रहा है या धीमे स्वर से" इत्यादि विकल्पों का होना श्रुतज्ञान है।

શંકા—"શબ્દના શ્રવણ અથવા ભાષણ આદિથી જે જ્ઞાન થાય છે, તેને શ્રુતજ્ઞાન કહે છે," આ પ્રકારનું જે શ્રુતનું લક્ષણ અહીં બતાવવામાં આવ્યું છે તે અતિવ્યાપ્તિ દોષથી યુકત હોવાને કારણે ઉચિત નથી, કારણ કે તે લક્ષણનો સદ્ભાવ તો મતિજ્ઞાનમાં પણ હોય છે. તે શ્રોત્રેન્દ્રિય અને મનની સહાયતાથી થાય છે.

ઉત્તર—આ માન્યતા બરાબર નથી. કારણ કે—મતિજ્ઞાન પાંચે ઇંન્દ્રિયો અને મનની સહાયતાથી જ ઉત્પન્ન થાય છે, પરન્તુ શ્રુતજ્ઞાન તો માત્ર મનની સહાયતાથી જ ઉત્પન્ન છે—અન્ય ઇન્દ્રિયોની સહાયતાની તેને જરૂર રહેતી નથી. "શબ્દશ્રવણ અથવા ભાષણાદિથી જે જ્ઞાન થાય છે તેને શ્રુતજ્ઞાન કહે છે," આ પ્રમાણે જે કહેવામાં આવ્યું છે તેનું કારણ એ છે કે શબ્દશ્રવણ અને ભાષણાદિ જન્ય જે શ્રોત્રેન્દ્રિય થી તેનું જ્ઞાન થાય છે તે મતિજ્ઞાનરૂપ હોય છે. અને તે મતિજ્ઞાનપૂર્વક તે વિષયને અનુલક્ષીને શબ્દશ્રવણ આદિના વિષયમાં વિશેષ ચિન્તન ચાલૂ થઇ જાય છે તે તો માત્ર મનનું જ કાર્ય હોવાથી તેને શ્રુતજ્ઞાન કહે છે ઉદાહરણ દ્વારા આ વાતનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે—શબ્દવિષયક શ્રોત્રજન્ય જ્ઞાન થવાથી તેને વિષે મનમાં આ પ્રકારના વિકલ્પો ઉદ્ભવે છે- "આ કયા પ્રકારના શબ્દનું ઉચ્ચારણ થઈ રહ્યું છે ઊંચે સ્વરે શબ્દનું ઉચ્ચારણ થઈ રહ્યું છે કે ધીમે સ્વરે શબ્દનું ઉચ્ચારણ થઇ રહ્યું છે" આ પ્રકારના વિકલ્પો જે જ્ઞાનમાં ઉદ્ભવે છે તે જ્ઞાનને શ્રુતજ્ઞાન કહે છે,

शंका—यद्यपि जिस प्रकार मतिज्ञान की उत्पत्ति में इन्द्रियाँ साक्षात् निमित्त होती हैं वैसी वे श्रुतज्ञान की उत्पत्ति में साक्षात् निमित्त नहीं होती हैं—परन्तु परम्परा से तो होती ही हैं। जैसे—स्पर्शन आदि इन्द्रियों से मतिज्ञान हो गया और फिर बाद में उनके विषय में श्रुतज्ञान—जो विशेष विचार-रूप है वह होता है। अतः इस अपेक्षा से तो मतिज्ञान और श्रुतज्ञान में कोई भेद प्रतीत नहीं होता सो ऐसा कथन भी ठीक नहीं है कारण कि यह औपचारिक कथन है। दूसरे मतिज्ञान विद्यमान वस्तु में ही प्रवृत्त होता है, और श्रुतज्ञान त्रैकालिक विषयों में प्रवृत्त होता है। तथा मतिज्ञान में शब्दोल्लेखन ही होता है और श्रुतज्ञान में नहीं होता है। अर्थात् जैसे श्रुतज्ञान की उत्पत्ति के समय संकेत स्मरण और श्रुतग्रंथ का तात्पर्य अनुसरण अपेक्षित होता है, वैसे वह ईहा आदि मतिज्ञान की उत्पत्ति में अपेक्षित नहीं है। इससे यही निष्कर्ष निकलता है कि लब्धिरूप मतिज्ञान के होने पर श्रुतज्ञान उत्पन्न होता है मतिज्ञान के अभाव में नहीं। इसलिये इस श्रुतज्ञान का कारण मतिज्ञान है।

શંકા—જેમ મતિજ્ઞાનની ઉત્પત્તિમાં ઇન્દ્રિયો સાક્ષાત નિમિત્ત બને છે એમ શ્રુતજ્ઞાનની ઉત્પત્તિમાં તેઓ સાક્ષાત્ નિમિત્ત બનતી નથી. પરન્તુ પરમ્પરાની અપેક્ષાએ તો તેઓ શ્રુતજ્ઞાનમાં પણ નિમિત્ત રૂપ બને જ છે. જેમ કે સ્પર્શેન્દ્રિય આદિની સહાયતાથી ધારો કે મતિજ્ઞાનની પ્રાપ્તિ થઇ ગઇ છે, ત્યારબાદ તેમને વિષે વિશેષ વિચાર કરવારૂપ શ્રુતજ્ઞાન પણ ઉત્પન્ન થઇ જાય છે. આ રીતે વિચાર કરવામાં આવે તો મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન વચ્ચે કોઇ ભેદ જ જણાતો નથી. સમાધાન—આ પ્રકારની માન્યતા પણ ખરી નથી. કારણકે આ કથન તો માત્ર ઔપચારિક કથન જ છે વળી બીજું કારણ એ છે કે મતિજ્ઞાન તો માત્ર વિદ્યમાન વસ્તુમાં જ પ્રવૃત્ત થાય છે, પરન્તુ શ્રુતજ્ઞાન તો ત્રૈકાલિક વિષયોમાં પ્રવૃત્ત થાય છે. તથા મતિજ્ઞાનમાં શબ્દોલ્લેખન જ થાય છે, જ્યારે શ્રુતજ્ઞાનમાં તો સ્મરણ તર્કવિતર્ક આદિ પણ થાય છે એટલે કે જેવી રીતે શ્રુતજ્ઞાનની ઉત્પત્તિને સમયે સંકેત, સ્મરણ અને શ્રુતગ્રંથનું અનુસરણ અપેક્ષિત હોય છે, એવી રીતે ઇહા આદિરૂપ મતિજ્ઞાનમાં તે સંકેત, સ્મરણ આદિની અપેક્ષા રહેતી નથી. આ વાત પરથી એજ વાત નિશ્ચિત થાય છે કે લબ્ધિરૂપ મતિજ્ઞાનના સદ્ભાવમાં જ શ્રુતજ્ઞાન ઉત્પન્ન થાય છે—મતિજ્ઞાનનો અભાવ હોય તો શ્રુતજ્ઞાન ઉત્પન્ન થતું નથી. તેથી મતિજ્ઞાનને શ્રુતજ્ઞાનમાં કારણભૂત કહ્યું છે.

ननु आभिनिबोधिकाऽपरपर्यायमतिज्ञानमेव श्रुतज्ञानं सम्पद्यते यथा मृत्तिकैव घटः, तन्तुरेव पटः. तर्हि श्रुतज्ञानस्य पृथगुपादानं भगवता किमर्थं कृतम् ? उच्यते दृष्टान्तद्वयमिदं विषमम्, यथा घट प्रादुर्भवि–पिण्डाकारा मृत्तिका प्रणश्यति, पटोत्पत्तौ सत्यां तन्तुपुञ्जश्च तथा श्रुतज्ञाने समुत्पन्ने मतिज्ञानं न प्रणश्यति।

शंका––जब श्रुतज्ञान का कारण मतिज्ञान है कि जिसका दूसरा नाम आभिनिबोधिकज्ञान है भी तब जिस प्रकार मिट्टीरूप कारण घटकार्यरूप से परिणम जाता है उसी प्रकार से मतिज्ञान भी श्रुत ज्ञानरूप से परिणम जावेगा–अथवा जिस प्रकार मिट्टी ही घट बन जाती है, और तन्तु ही पट बन जाया करते हैं इसी तरह से मतिज्ञान भी श्रुतज्ञान हो जावेगा–तो फिर सूत्र कारने श्रुतज्ञान का पृथक्रूप से पाठ सूत्र में क्यों रखा है ?

उत्तर––ये दोनों दृष्टान्त ही विषम हैं क्यों कि–

इस प्रकार की मान्यता में मतिज्ञान का विनाश प्रसक्त होगा–हम देखते हैं कि जब घट की उत्पत्ति होती है, तब पिण्डाकार मृत्तिका का विनाश होता है और पट की उत्पत्ति में तन्तुपुंज का। परन्तु जब श्रुतज्ञान होता है तब मतिज्ञान का अभाव नहीं होता है। क्योंकि एक आत्मा में एक साथ चार ज्ञान तक होना सिद्धान्तकारों ने माना है। यदि श्रुतज्ञान के सद्भाव में मतिज्ञान का अभाव स्वीकार किया जावे तो यह सिद्धान्त विरुद्ध कथन

શંકા––જો મતિજ્ઞાન અથવા આભિનિબોધિક જ્ઞાનને જ શ્રુતજ્ઞાનના કારણરૂપ માનવામાં આવે, તો જેમ માટીરૂપ કારણ ઘટકાર્યરૂપે પરિણમી જાય છે, એજ પ્રમાણે મતિજ્ઞાન પણ શ્રુતજ્ઞાનરૂપે પરિણમી જશે, અથવા જે પ્રકારે માટી જ ઘડારૂપે પરિણમિત થઈ જાય છે, એજ પ્રમાણે મતિજ્ઞાન પણ શ્રુતજ્ઞાનરૂપે પરિણમિત થઈ જશે. તો પછી સૂત્રકારે શ્રુતજ્ઞાનને અહીં પૃથક્રૂપે (એક જુદા જ જ્ઞાનરૂપે) શા માટે પ્રતિપાદિત કર્યું છે ?

ઉત્તર––આ બન્ને દૃષ્ટાન્તો જ વિષમ છે, કારણ કે આ પ્રકારની માન્યતામાં તો મતિજ્ઞાનનો વિનાશ થવાની વાત માનવાનો પ્રસંગ ઉદ્ભવશે. આપણે એ વાતને તો પ્રત્યક્ષ દેખી શકીએ છીએ કે જ્યારે ઘટ (ઘડા)ની ઉત્પત્તિ થાય છે ત્યારે માટીના પિંડાનો વિનાશ થઈ જાય છે અને જ્યારે પટ (કાપડ)ની ઉત્પત્તિ થાય છે ત્યારે તંતુપુંજનો નાશ થઈ જાય છે. પરંતુ જ્યારે શ્રુતજ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે મતિજ્ઞાનનો વિનાશ થઈ જતો નથી, કારણ કે એક આત્મામાં એક સાથે ચાર જ્ઞાનનો સદ્ભાવ હોઈ શકે છે, એવું સિદ્ધાન્તકારોએ સ્વીકારેલું છે. જો શ્રુતજ્ઞાનનો સદ્ભાવ હોય ત્યારે મતિજ્ઞાનનો અભાવ હોય છે એવું માનવામાં આવે, તો તે માન્યતા તો

"जत्थ मई तत्थ सुयं, जत्थ सुयं तत्थ मई" (नन्दी सू० २४)

छाया—यत्र मतिस्तत्र श्रुतं, यत्र श्रुतं तत्र मतिः।

तस्य सद्भावे मतेर्विद्यमानता भगवताऽभिहिता तस्मादपेक्षाकारणमेव मति ज्ञानं श्रुतज्ञानस्येति मन्तव्यम्, तथा च मतिज्ञानपूर्वकमिन्द्रियमनोजन्यमाप्तवचनानुसारि ज्ञानं तज्ज्ञानमिति निष्कर्षः।

'श्रूयते यत्तच्छ्रुतम्' इति व्युत्पत्त्या श्रुतशब्देन प्रवचनमपि गृह्यते। तस्मिन्पक्षे-श्रुतस्य=आप्तवचनस्य ज्ञानं श्रुतज्ञानमिति षष्ठीतत्पुरुषः। आप्तो रागादि

ठहरता है। कि "जत्थ मई तत्थ सुयं, जत्थ सुयं तत्थ मई" जहां पर मतिज्ञान है वहां श्रुतज्ञान है और जहां श्रुतज्ञान है वहां मतिज्ञान है। इस तरह श्रुत के सद्भाव में मतिज्ञान का सद्भाव-भगवान्ने कहा है। इसलिये ऐसा मानना चाहिये. कि तज्ञान का मतिज्ञान केवल अपेक्षाकारण ही है। अपेक्षाकारण का तात्पर्य निमित्तकारण से है। जो निमित्तकारण होते हैं वे उपादान कारण की तरह स्वयं कार्यरूप नहीं परिणमते हैं केवल उपादान कारण ही कार्यरूप परिणमता है। तथा च—जो मतिज्ञानपूर्वक ही परंपरा से इन्द्रियों से जो जनित हों और साक्षात्कारण जिसकी उत्पत्ति में मन हो ऐसा आप्तवचनानुसारी जो ज्ञान हैं वही श्रुतज्ञान है।

श्रूयते यत् तत् श्रुतम् "इस व्युत्पत्ति के अनुसार श्रुतशब्द से प्रवचन का भी ग्रहण हो जाता है। अतः इस पक्ष में आप्तवचनरूप श्रुत का जो ज्ञान है वह श्रुतज्ञान है ऐसा षष्ठी तत्पुरुष समास करना चाहिये। रागद्वेष आदि से रहित

સિદ્ધાન્તની વિરુદ્ધની માન્યતા પ્રતિપાદિત થાય છે. શાસ્ત્રોમાં એવુ કહ્યું છે કે.... "जत्थ मई तत्थ सुयं, जत्थ सुयं तत्थ मई" જ્યાં મતિજ્ઞાન હોય છે, ત્યાં શ્રુતજ્ઞાન હોય છે જ્યાં શ્રુતજ્ઞાન હોય છે ત્યાં મતિજ્ઞાન હોય છે." આ રીતે શ્રુતના સદ્ભાવમાં મતિજ્ઞાનનો પણ સદ્ભાવ ભગવાને કહેલો છે. તેથી એવું માનવું જોઇએ કે મતિજ્ઞાન એ શ્રુતજ્ઞાનની ઉત્પત્તિમાં માત્ર અપેક્ષાકારણ (નિમિત્તરૂપ કારણ) જ છે. જે નિમિત્ત કારણો હોય છે તે ઉપાદાન કારણની જેમ સ્વયં કાર્યરૂપે પરિણમતા નથી. માત્ર ઉપાદાન કારણ જ કાર્યરૂપે પરિણમે છે. આ દૃષ્ટિએ વિચારવામાં આવે તો શ્રુતજ્ઞાનનો આ પ્રમાણે અર્થ ફલિત થાય છે.

જે મતિજ્ઞાનપૂર્વક હોય, પરમ્પરાની અપેક્ષાએ જે જ્ઞાન ઇન્દ્રિયોથી જનિત હોય છે પણ જેની ઉત્પત્તિમાં સાક્ષાત્ કારણભૂત મન હોય છે, એવું આપ્તવચનાનુસારી જે જ્ઞાન છે તેને શ્રુતજ્ઞાન કહે છે. "श्रूयते यत् तत् श्रुतम्" આ વ્યુત્પત્તિ અનુસાર શ્રુત પદ દ્વારા પ્રવચન પણ ગ્રહણ થઇ જાય છે. તેથી આ દૃષ્ટિએ વિચારવામાં આવે તો આપ્તવચન રૂપ શ્રુતનું જે જ્ઞાન છે તેને શ્રુતજ્ઞાન કહે છે, એવો ષષ્ઠી તત્પુરુષ

रहितः सर्वज्ञस्तस्य वचनम्—आप्त वचनम् । तदर्थाध्यवसाय (निर्णय) रूपं ज्ञानं श्रुत ज्ञानमिति । श्रुतज्ञानं प्रति शब्दस्य निमित्तकारणतया शब्देऽपि श्रुतव्यपदेशो भवति । ज्ञानभेदव्यवस्थायां श्रुतशब्दः श्रवणार्थवाचीत्यभिधेयम् ॥२॥

(३) अवधिज्ञानम्—अवधानमवधि—इन्द्रिय नोइन्द्रिय निरपेक्षस्य आत्मनः साक्षादर्थग्रहणम्, अवधिरेवज्ञानम् अवधिज्ञानम् । अथवा—'अव' शब्दोऽधःशब्दार्थः । अव=अधः विस्तृतं वस्तु धीयते=ज्ञायतेऽनेनेत्यवधिः । अवधिश्चासौ तज्ज्ञानं चेत्य-वधिज्ञानम् । विस्तृतविषयकं ज्ञानमित्यर्थः । यथा-अनुत्तरोपपातिका देवा अवधि ज्ञानबलेन, भगवन्तमापृच्छ्य जीवादितत्त्वस्वरूपं निर्धारयन्ति ।

विशिष्ट व्यक्ति का नाम आप्त है । जिसे सर्वज्ञ कहा जाता है । उसके वचन का नाम आप्तवचन है । उनके द्वारा प्रतिपादित अर्थरूप जो आगम है, उस आगम का निर्णयरूप ज्ञान श्रुतज्ञान है । श्रुतज्ञान के प्रति शब्द निमित्तकारण होता है एतावता निमित्त कारण की अपेक्षा लेकर शब्द में भी श्रुत का व्य-वहार होता है । परन्तु ज्ञान भेद की व्यवस्था में श्रुतशब्द श्रवण जन्यज्ञानरूप अर्थ का वाची लिया गया है ।

"अवधानमवधिः" अर्थात् इन्द्रियों एवं मनकी सहायता के विना केवल आत्मा से ही द्रव्य क्षेत्रकाल और भाव की मर्यादा लेकररूपी पदार्थों को जो साक्षात्रूप से ग्रहण करनेवाला ज्ञान होता है उसका नाम अवधि है ।

अथवा—अवधिज्ञान में जो अवशब्द है वह अधःशब्द के अर्थ को कहने वाला है । इसलिये जिसज्ञान के द्वारा नीचे का विषय विस्तारूप से "धीयते" जाना जाता है । वह अवधिज्ञान है तात्पर्य इसका यह है कि जब

સમાસ અહીં સમજવો જોઇએ. રાગ, દ્વેષ આદિથી રહિત વિશિષ્ટ વ્યક્તિને આપ્ત કહે છે. સર્વજ્ઞોને જ એવાં આપ્ત કહી શકાય છે. તે સર્વજ્ઞના વચનને આપ્તવચન કહે છે. તેમના દ્વારા પ્રતિપાદિત અર્થ રૂપ જે આગમ છે, તે આગમના નિર્ણયરૂપ જ્ઞાનને જ શ્રુતજ્ઞાન કહે છે. શ્રુતજ્ઞાનની પ્રાપ્તિમાં શબ્દરૂપ નિમિત્ત પરમ્પ । કારણ રૂપ હોય છે. તેથી નિમિત્ત કારણની અપેક્ષાએ શબ્દમાં પણ શ્રુત શબ્દનો વ્યવહાર થાય છે પરંતુ જ્ઞાનના ભેદોની વ્યવસ્થામાં શ્રુત શબ્દને શ્રવણજન્ય જ્ઞાનરૂપ અર્થનો વાચક લેવામાં આવેલ છે.

(૩) "अवधानमवधिः" અવધિજ્ઞાન—

ઇન્દ્રિયો અને મનની સહાયતા વિના કેવળ આત્મા દ્વારા જ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની મર્યાદાની અપેક્ષાએ રૂપી પદાર્થોને સાક્ષાતરૂપે ગ્રહણ કરનારું જે જ્ઞાન છે, તેને અવધિજ્ઞાન કહે છે. અથવા-અવધિજ્ઞાનમાં જે 'અવ' ઉપસર્ગ છે તે અધઃ શબ્દના અર્થનો વાચક છે. તેથી જે જ્ઞાન દ્વારા નીચેના વિષયનું વિસ્તૃત રૂપે "धीयते" જ્ઞાન થાય છે, તે જ્ઞાનને અવધિજ્ઞાન કહે છે. આ કથનનું તાત્પર્ય નીચે પ્રમાણે છે-અવધિજ્ઞાનનું ક્ષેત્ર આંગળના અસંખ્યાતમાં

यद्वा—अवधिना ज्ञानम्—इति तृतीया समासः। अवधिर्मर्यादारूपिद्रव्याण्येव विषयीकरोति नेतराणीति व्यवस्थारूपा। तथाचायमर्थः—अरूपि द्रव्यपरिहारेण रूपिद्रव्यमात्रविषयकं ज्ञानमवधिज्ञानमिति।

यद्वा—अधोऽधोऽधिकं पश्यति येन तदवधिज्ञानम्। तच्चतुर्गतिवर्तिनां जीवानामिन्द्रियमनोनीरपेक्षं प्रतिविशिष्टक्षयोपशमनिमित्तं रूपिद्रव्यसाक्षात्कार जनकं भवति। एतस्य देवमनुष्यतिर्यङ्नारका अधिकारिणः ॥३॥

अवधिज्ञान का क्षेत्र अंगुल केअसंख्यातवें भाग से लेकर सारा लोक हैं—तब उसका विषय भी कतिपय पर्याय सहितरूपी द्रव्य हैं इसलिये यह ज्ञान विस्तृत विषयवाला है। विस्तृत विषयता जो इस में प्रकट की है वह मनः पर्यायज्ञान की अपेक्षा जाननी चाहिये। क्यों कि मनःपर्याय ज्ञान का क्षेत्र सिर्फ मानुषोत्तर पर्वत पर्यंत ही है और उसका विषय अवधिज्ञान के विषयभूत हुए रूपी द्रव्य का अनततवां भाग है। अथवा—अवधिशब्द का अर्थ मर्यादा है। इस अर्थ में अवधि और ज्ञान का तृतीया तत्पुरुष समास होकर ऐसा अर्थ होता हैं कि जो ज्ञान मर्यादा लेकर पदार्थों को जानता हैं। वह अवधिज्ञान हैं। इस में मर्यादा रूपी पदार्थों को जानने की अपेक्षा से जाननी चाहिये। क्यों कि वह ज्ञान रूपी पदार्थों को नहीं जानता है। इसलिये इस प्रकार की व्यवस्थारूप मर्यादा युक्त होने के कारण इस ज्ञानक नाम अवधिज्ञान रखा है। अथवा—नीचे नीचे की ओर जो ज्ञान अधिक विषय को

ભાગથી લઈને આખા લોક પર્યન્તનું છે, અને કતિપય પર્યાય સહિતના રૂપી દ્રવ્યને વિષય કરનારૂં જ્ઞાન છે. આ રીતે તે જ્ઞાન વિસ્તૃત વિષયવાળું છે. તેમાં જે વિસ્તૃત વિષયતા પ્રકટ કરવામાં આવી છે તે મનઃપર્યય જ્ઞાનની અપેક્ષાએ સમજવી, કારણ કે મનઃપર્યય જ્ઞાનનું ક્ષેત્ર માત્ર માનુષોત્તર પર્વત પર્યન્ત જ છે અને અવધિજ્ઞાન દ્વારા જેટલારૂપી દ્રવ્યને જોઇ શકાય છે તેના કરતાં મનઃપર્યય જ્ઞાનદ્વારા અનંતમાં ભાગના રૂપી દ્રવ્યને જોઇ શકાય છે.

અથવા—અવધિ એટલે મર્યાદા. આ અર્થમાં અવધિ અને જ્ઞાન, આ બે પદોનો તૃતીયા તત્પુરુષ સમાસ બન્યો છે. આ દૃષ્ટીએ વિચારવામાં આવે તો અવધીજ્ઞાનનો અર્થ આ પ્રમાણે થશે—જે જ્ઞાન મર્યાદિત પદાર્થોને જાણે છે, તે જ્ઞાનનું નામ અવધિજ્ઞાન છે. તે જ્ઞાન, રૂપી પદાર્થોને જ જાણે છે—અરૂપી પદાર્થોને જાણતું નથી, આ પ્રકારની રૂપી પદાર્થોને જ જાણવારૂપ આ મર્યાદા સમજવી. તેથી આ પ્રકારની વ્યવસ્થારૂપ મર્યાદાથી યુકત હોવાને લીધે આ જ્ઞાનનું નામ અવધિજ્ઞાન પડયું છે. અથવા—જે જ્ઞાન નીચેની બાજુએ અધિક વિષયને દેખી શકે છે તે જ્ઞાનને અવધિજ્ઞાન કહે

देखता है—वह ज्ञान अवधिज्ञान है ऐसा यह अवधिज्ञान चारों गतियों के जीवों को इन्द्रियों और मन की सहायता के बिना अवधिज्ञानावरणीय कर्म के क्षयोपशम से होता है।

शंकाः-शास्त्रकारों ने मनुष्य और तिर्यंचगति के जीवों को जो अवधिज्ञान कहा है वही क्षयोपशम निमित्तक कहा है-फिर यहां चारों गतियों के जीवों को जो अवधिज्ञान होता है वह क्षयोपशम निमित्तक होता है ऐसा क्यों कहा-तो इस शंका का समाधान इस प्रकार से है कि अवधिज्ञान की उत्पत्ति नियमतः अवधिज्ञानावरणीय कर्म के क्षयोपशम से ही होती है—परन्तु इस क्षयोपशम में जहां व्रत, नियम, आदि अनुष्ठान की अपेक्षा रहती है—वह क्षयोपशम निमित्तक कहलाता है ऐसा अवधिज्ञान मनुष्य और तिर्यंचों के होता है। जिस अवधिज्ञान में इनकी अपेक्षा न हो किन्तु भव जन्म लेना ही कारण हो वहां वह अवधिज्ञान इन गुणों की अपेक्षा विना ही अवधिज्ञानावरणीय कर्म के क्षयोपशम से उत्पन्न हो जाता है। ऐसा अवधिज्ञान देव और नारकियों को होता है। अन्तरंग कारण इन दोनों प्रकार के अवधिज्ञानों

છે. ઇન્દ્રિયો અને મનની સહાયતા વિના રૂપી પદાર્થોને જોઇ શકનારૂં આ અવધિજ્ઞાન, અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી ચારે ગતિના જીવોમાં ઉત્પન્ન થતું હોય છે.

શંકા—શાસ્ત્રકારોએ તો એવું કહ્યું છે કે મનુષ્ય અને તિર્યંચગતિના જીવોને જે અવધિજ્ઞાન થાય છે તે ક્ષયોપશમ નિમિત્તક હોય છે. છતાં આપ શા કારણે એવું કહો છો કે ચારે ગતિના જીવોને અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી અવધિજ્ઞાન ઉત્પન્ન થઈ શકે છે?

સમાધાન—અવધિજ્ઞાનની ઉત્પત્તિ તો નિયમથી જ અવધિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી જ થાય છે, પરન્તુ આ ક્ષયોપશમમાં જ્યાં વ્રત, નિયમ આદિ અનુષ્ઠાનોની આવશ્યકતા રહે છે, ત્યાં તે અવધિજ્ઞાનને ક્ષયોપશમનિમિત્તક કહેવામાં આવે છે. એવા ક્ષયોપશમનિમિત્તક અવધિજ્ઞાનનો સદ્ભાવ મનુષ્ય અને તિર્યંચોમાં જ હોય જે અવધિજ્ઞાનમાં તેની આવશ્યકતા ન હોય પણ ભવ જ (જન્મ લેવો એજ) કારણ રૂપ હોય, ત્યાં આ ગુણોની અપેક્ષા વિના જ અવધિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી અવધિજ્ઞાન ઉત્પન્ન થઇ જાય છે. એવા અવધિજ્ઞાનનો સદ્ભાવ દેવો અને નારકોમાં હોય છે. આ રીતે આ બન્ને પ્રકારના અવધિજ્ઞાનમાં અન્તરંગ કારણ તો સમાન જ છે અવધિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ જ તે બન્નેમાં અન્તરંગ કારણ છે તે કારણે 'અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ચારે ગતિના જીવોમાં અવધિજ્ઞાન ઉત્પન્ન થાય છે.” આ પ્રકારના કથનમા કોઇ દોષ સંભવતો નથી.

मनःपर्यवज्ञानमिति । अवनम् अवः । 'अव रक्षण गतिकान्तिप्रीतितृप्त्यवगमाद्यर्थेषु' पठितोऽस्ति, तत्रावगमार्थमाश्रित्य निष्पन्नः । अवः—अवगमः, बोध इत्यर्थः । परिशब्दः सर्वतो भावे, पर्यवः—समन्तादवबोधः । मनसः पर्यवो मनः पर्यवः मनोविषयकः सम्यक्तादवबोध इत्यर्थः । मनःपर्यवश्चासौ तज्ज्ञानं चेति मनःपर्यवज्ञानम् । पर्ययः, पर्यायः, एते शब्दा एकार्थवाचकाः ।

में समान हैं। अवधिज्ञानावरणीय कर्म का क्षयोपशम ही अन्तरंग कारण है। अतः ऐसा कहने में कि अवधिज्ञानावरणीय कर्म के क्षयोपशम से अवधिज्ञान की उत्पत्ति चारों गतियों के जीवों को होती है इस प्रकार के कथन में कोई विरोध नहीं है।

मनःपर्यवज्ञान-पर्यव यह शब्द परि उपसर्ग अव धातु से बना है। अव धातु रक्षण, गति, कान्ति, प्रीति, तृप्ति, अवगम आदि अर्थों में पठित हुआ है सो वहीं पर इन में से अवगम अर्थ लिया गया हैं ।
अवगम का अर्थ बोध है। "परि" का अर्थ सब प्रकार से है। मन की सब पर्यायों का साक्षात् जानने वाला जो ज्ञान है वह मनः पर्यवज्ञान है। पर्यय पर्याय ये सब शब्द एकार्थवाचक हैं। तात्पर्य इसका यह है कि मनवाले संज्ञी प्राणी—किसी भी वस्तु का चिन्तवन मनसे करते हैं। चिन्तवन के समय चिन्तनीयवस्तु के भेद के अनुसार चिन्तनकर्म में प्रवृत्त मन भिन्न २ आकारों को धारण करता रहता है। ये आकृतियां ही मन की पर्याय हैं। इन मन की पर्यायों को साक्षात् जानने वाला ज्ञान मनःपर्यवज्ञान हैं द्रव्य मन और

---

(४) मनःपर्यवज्ञान–परि+अव्=पर्यव. આ રીતે 'अव्' ધાતુને 'परि' ઉપસર્ગ લાગવાથી 'पर्यव' પદ બન્યું છે. 'अव्' ધાતુ રક્ષણ, ગતિ, કાન્તિ, પ્રીતિ, તૃપ્તિ, અવગમ આદિ અર્થોમાં વપરાય છે. અહીં તેનો અવગમ અર્થ ગૃહીત થયો છે. અવગમ એટલે બોધ, અને 'परि' એટલે 'સર્વ પ્રકારે'

